રાજ્યમાં કોરોનાની ચઢતી-પડતી જારી, વધુ એક દર્દીનાં મોત સાથે નવા ૪૨૫ કેસ નોંધાયા

૧૨૯૮ દર્દીઓ સાજા થતાં સક્રિય કેસનો આંક ઘટીને ૩૪૮૦ થયો, હજુ પણ ૨૦ દર્દીઓ વેન્ટિલેટર ઉપર

અમદાવાદ, તા.૧૬

ગુજરાતમાં છેલ્લા ૪૮ કલાક દરમિયાન ૭૧૫ કોરોનાના કેસ નોંધાવા પામ્યા છે. જ્યારે ૪૮ કલાક દરમિયાન ગુજરાતમાં કોરોનાથી અમદાવાદમાં ૩ મૃત્યુ નોંધાતા કોરોનાનો કુલ મૃત્યુઆંક ૧૦૯૯૪ થયો છે. છેલ્લા ૪૮ કલાક દરમિયાન કરોનાના ૧૨૯૮ દર્દીઓ સાજા થતા એક્ટિવ કેસનો આંક ઘટીને ૩૪૮૦ થયો છે જેમાં ૨૦ કોરોના દર્દી વેન્ટિલેટર ઉપર છે.

વિતેલા ૨૪ કલાક દરમિયાન ગુજરાતમાં નોંધાયેલા કોરોનાના ૪૨૫ કેસમાં સૌથી વધુ અમદાવાદમાં ૧૫૦ થયા છે. રાજકોટ ૫૫, વડોદરા ૫૧, સુરત ૨૯, ગાંધીનગર ૨૧, અમરેલી ૧૪, મહેસાણા ૧૩, કચ્છ અને વલસાડ ૧૨-૧૨, નવસારી અને જામનગર ૧૦-૧૦, પોરબંદર ૭, પાટણ ૬, બનાસકાંઠા ૫, ભરૂચ, સુરેન્દ્રનગર અને તાપી ૪-૪, પંચમહાલ અને સાબરકાંઠા ૩-૩, આણંદ, અરવલ્લી, ભાવનગર, ખેડા અને મોરબી ૨-૨ જ્યારે ગીરસોમનાથ અને જુનાગઢમાં ૧-૧ કેસ નોંધાવા પામ્યા છે.

રાજ્યમાં હાલ ૩૪૮૦ એક્ટિવ કેસ છે. જેમાં અમદાવાદના ૧૧૭૨, વડોદરાના ૪૬૬, રાજકોટના ૩૧૧, સુરતના ૨૯૧, ગાંધીનગરના ૨૬૦, મહેસાણાના ૧૧૮, કચ્છના ૮૮, ભાવનગરના ૬૫ અને મોરબીના ૬૪ દર્દીનો સમાવેશ થાય છે.

વિતેલા ૨૪ કલાક દરમિયાન ૭૨૩૦૬ કોરોનાની રસી લેતા ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૧૨ કરોડ લોકોએ કોરોનાની રસી લીધી છે.

કાપડ ખરીદી રૂપિયા નહીં ચૂકવતા યુપીના વેપારી સામે ફરિયાદ

સુરતઃ સીટી લાઈટ મેકસર કોમ્પ્લેક્સ ટાવર નંબર બે ખાતે રહેતા અતુલ ગુપ્તા ન્યુ ટેક્સટાઈલ માર્કેટમાં સ્વર્ણિમ ઈમ્પેક્ષના નામે કાપડનો વેપાર કરે છે. ગોડાદરાના બે કાપડ દલાલો રાજબહાદુર અને કક્કુ મિશ્રાએ ઉત્તરપ્રદેશ ગોંડાના માનસી કલેક્શનના પ્રોપરાઈટર સંજય શુક્લા સાથે અતુલની મુલાકાત કરાવી હતી અને બંને કાપડ દલાલઓ પોતાની જવાબદારી લઈ અતુલ પાસેથી સંજય શુક્લાને કાપડનો માલ અપાવ્યો હતો જેની ઉઘરાણી અતુલએ કરતા સંજયે પોતાનો મોબાઈલ ફોન ઉચકવાનો બંધ કરી દીધો હતો. બંને કાપડ દલાલોએ પણ પોતાની જવાબદારીથી હાથ ઊંચા કરી દીધા હતા આ અંગે અતુલ ગુપ્તાએ સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે કાર્યવાહી શરૂ કરી છે.

કોંગ્રેસમાં નાણાંભીડ, કેટલાક ધારાસભ્યો પાર્ટી છોડી શકે: અશોક ગેહલોત આજે ગુજરાતમાં

ભાવેશ કટારા, ચિરાગ કલસરિયા, લલિત વસોયા, સંજય સોલંકી, મહેશ પટેલ, હર્ષદ રીબડિયાના ચર્ચાતા નામ:ચૂંટણી પહેલા પક્ષ છોડવાની શક્યતા

ગાંધીનગર, તા.૧૬

આ વર્ષના અંત સુધી વિધાનસભા ચૂંટણી પહેલાં ગુજરાતમાં મુખ્ય વિપક્ષી દળ કોંગ્રેસને પોતાની જ પાર્ટીના નેતાઓની નારાજગીનો સામનો કરવો પડી રહ્યો છે. સૌરાષ્ટ્રના ઓછામાં ઓછા છ ધારાસભ્યોએ પાર્ટી છોડવાનો નિર્ણય કર્યો છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિટીના એક પૂર્વ અધ્યક્ષે જણાવ્યું હતું કે આ ધારાસભ્યોએ ચૂંટણી માટે ગંભીર નાણાકીય મદદ માંગી હતી. તેમણે કહ્યું કે 'કોંગ્રેસ હાલ તેમની માંગને પુરી કરવાની સ્થિતિમાં નથી અને હવે તે પાર્ટી છોડવા માટે તૈયાર છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે ભાવેશ કટારા, ચિરાગ કલસરિયા, લલિત વસોયા, સંજય સોલંકી, મહેશ પટેલ અને હર્ષદ રીબડીયા પહેલાં જ ભાજપના પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલને મળી ચૂક્યા છે અને તેમની જલદી જ ભાજપમાં જોડાવવાની સંભાવના છે. છમાંથી ચાર પાટીદાર હોવાના કારણે કોંગ્રેસમાંથી રાજીનામું ઘણી હદે પ્રભાવિત થશે. હાર્દિક પટેલના [illegible] નજીકના લલિતા વસોયા, પાટીદાર આંદોલનથી ચર્ચામાં આવ્યા હતા અને કોંગ્રેસના આક્રમક ધારાસભ્યોમાંથી એક હતા અને સૌરાષ્ટ્રમાં જમીની સ્તર પર સમર્થન પ્રાપ્ત કરે છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓના કહેવા મુજબ 'નાણાની અછતના પાર્ટીને વિભિન્ન સતર પર મુશ્કેલીમાં મુકી રહી છે. આ બધાની વચ્ચે એઆઈસીસી ગુજરાત પ્રભારી અશોક ગેહલોત મંગળવારે ગુજરાતના પ્રવાસે છે.

વિજય વલ્લભજીએ જૈનાચાર્ય હોવા છતાં તમામ ધર્મના લોકો માટે ઘણું આધ્યાત્મિક કાર્ય કર્યું છે

પર્યુષણ વ્યાખ્યાનમાળાના પહેલા દિવસે મુનિરાજ મોક્ષાનંદ વિજયજીએ વિજય વલ્લભજી વિષે અને પદ્મશ્રી કુમારપાળ દેસાઈએ 'જૈન ધર્મના મેઘધનુષ'ને સમજાવ્યું

પર્યુષણ વ્યાખ્યાનમાળા દિન:૧

સુરત, તા.૧૬

સુરત જૈન યુવક મંડળના અનુક્રમે,વીરમતીબેન ફકીરચંદ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત પ્રેરિત-પુરસ્કૃત અને ભદ્રેશ શાહ આયોજિત યોજાઈ રહેલી ઓનલાઈન પર્યુષણ વ્યાખ્યાનમાળાના પહેલે દિવસે ચેન્નાઈથી પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય શ્રીમદ વિજય નિત્યાનંદસૂરીશ્વરજી મહારાજ સાહેબે મંગલાચરણ કરીને આશીર્વાદ આપ્યાં હતાં, ત્યારબાદ યુવા મનીષી પૂજ્ય મુનિરાજ શ્રી મોક્ષાનંદ વિજયજી મહારાજ સાહેબે 'ધર્મ - સમાજરક્ષક ક્રાંતિકારી આચાર્ય ભગવંત વિજય વલ્લભજી' વિષયક પ્રવચન આપતાં જણાવ્યું હતું કે જેમનું નામ ખૂબ સન્માનથી લેવાય છે એવાં વિજય વલ્લભજીએ જૈનાચાર્ય હોવા છતાં તમામ ધર્મના લોકો માટે ઘણું આધ્યાત્મિક કાર્ય કર્યું છે. વડોદરામાં જન્મેલાં બાળપણમાં પિતાજીનું નિધન થયાં બાદ માતાજીએ તેને અરિહંત પરમાત્માને સહારે મૂક્યો હતો. ત્યાં વિદ્યાનંદ સૂરીશ્વરજીનું પ્રવચન સાંભળીને છગન નામના આ બાળકે ગુરુદેવ પાસે તેમના જેવાં આધ્યાત્મિક ધનની અપેક્ષા રાખી હતી. ગુરુજીએ એ બાળક સમાજને ખૂબ ઉપયોગી થશે એવું ધારી લીધું હતું. ૧૭ વર્ષની વયે એ બાળકે રાધનપુરમાં સંયમ સ્વીકાર્યો હતો. ગુરુદેવ આત્મારામજી મહારાજે એનું જીવન નિર્માણ કર્યું. હવે તે બાળમુનિ વલ્લભ વિજયજી હતા.

ગુરુએ તેને ધરમના છોડની રક્ષા કરનારા મુનિ રૂપે તૈયાર કર્યા. તેમની તાલીમ પંજાબમાં થઈ. ગુરુજીના નિધન પછી ધર્મ અંગે શાસ્ત્રાર્થ કરીને વિરોધીઓને પરાજય આપીને મુનિ વલ્લભનો જયજયકાર થયો. તેમને જૈન સમાજને આગળ વધારવાના મોટા નિર્ણય લીધાં. તેમને સંસ્કારોનો અભાવ ખૂંચતો હતો. તેમણે સરસ્વતી નિર્માણનું કાર્ય હાથમાં લીધું. સો વર્ષ પહેલાંનાં એ અંગ્રેજ શાસનમાં વિજય વલ્લભજીએ શિક્ષણ સંસ્થાઓ સ્થાપી, શાળા, કોલેજ, બાલાશ્રમો, નારીઆશ્રય સ્થાનો બનાવ્યાં. દેશભરમાં તેમણે મુગટ સામાન મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના કરી, જેનું યોગદાન અપૂર્વ છે. તેઓ દૂરદ્રષ્ટા સાબિત થયા. લોકોના વિરોધને અવગણીને તેમણે મહિલા શિક્ષણ પણ શરુ કર્યું. તેમણે સાધ્વીઓને પ્રવચન કરવાની અનુમતિ આપીને પણ ક્રાંતિ કરી હતી. સમાજ જોતો રહી ગયો. ગુરુદેવના પ્રવચનો સાંભળવા દસ-દસ હજાર લોકો આવતાં. તમામ ધર્મી લોકો તેમને સાંભળવા આવતા. તેમણે પહેલીવાર માઈકનો પ્રયોગ કર્યો. તેમણે સરકારોને રજૂઆત કરીને પાલીતાણા સહિતના વેરા દૂર કરાવ્યાં હતાં. જૈન સંઘને એક કરવા માટે તેમણે આચાર્યપદ છોડવાની તૈયારી બતાવી હતી. પાટણમાં હેમચંદ્રાચાર્ય પ્રાચીન જ્ઞાનભંડાર સ્થાપવાનું મોટું કાર્ય કર્યું. તેઓ અદભુત વક્તા હતા. તેમને સાંભળતા રાજા, શેઠ અને ગરીબ મજૂરો આવતા. તેમણે ૧૯૪૭માં ભારત વિભાજનની પરિસ્થિતિમાં ગુજરાનવાલા શહેર પાકિસ્તાનમાં ચોમાસું કરવા ગયા હતા. ત્યાં ભયાનક હિંસક વાતાવરણ હતું, સૌ ચિંતિત હતા. કોઈ બોમ્બ તેમના ઉપાશ્રયમાં ફૂટ્યો નહોતો. તેમણે સમાજ અને સંઘની રક્ષાની જવાબદારી લીધી હતી. તેઓ તમામ લોકોને હેમખેમ પાકિસ્તાનમાંથી બહાર લાવવાનું મહાન કાર્ય કર્યું હતું, તેઓ તે માટે મરવા તૈયાર હતા. આવેલાં લોકો નિરાધાર હતા. તેમને સ્થિર કરીને સન્માન આપવાની જવાબદારી પણ તેમણે લીધી હતી. એવાં ગુરુદેવ વલ્લભ વિજયજીની વિસ્તૃત વાતો મુનિ મોક્ષાનંદે કરી હતી.

વ્યાખ્યાનમાળાના પહેલા દિવસના બીજા વક્તા પદ્મશ્રી કુમારપાળ દેસાઈએ 'જૈન ધર્મનું મેઘધનુષ'ને ખૂબ સુંદર રીતે વિસ્તૃત રીતે સમજાવ્યું હતું. તેમણે પર્યુષણને આવતા ભવને ઉજાગર કરવાના પર્વ રૂપે વર્ણવ્યું હતું. તેમણે ધ્યાન અંગે કહ્યું કે ભગવાન મહાવીર સતત યાત્રા કરતાં પણ ખુલ્લી આંખે ધ્યાન કર્યું હતું. સાડા બાર વર્ષની સાધનામાં તેમણે ભાગ્યે જ ઊંઘ લીધી હતી. ભગવાને જાતિવાદ દૂર કર્યો, હિંસાને સૂક્ષ્મ રીતે સમજાવી, નારી ઉત્થાનમાં કાર્યરત રહ્યા, મોક્ષનો માર્ગ બતાવતા પ્રભુએ કહ્યું કે ગુરુ અને વૃદ્ધોની સેવા કરવી, અજ્ઞાની જીવોના સંગથી દૂર રહેવું, સ્વાધ્યાય કરવો, એકાંતમાં રહેવું, જ્યાં આધ્યાત્મનું પુષ્પ ખીલે છે અને ધૈર્ય ધારણ કરવું એજ મોક્ષનો માર્ગ છે એવું પ્રભુ કહે છે. કુમારપાળજીએ જૈન ધર્મની ગરિમાને મેઘધનુષ રૂપે સમજાવી હતી. પહેલો રંગ તે વિરલપણું. ઋષભ દેવે ત્યાગનો મહિમા સમજાવ્યો. બીજો રંગ વીરતાનો. તેમણે ફાંસીના માંચડે ચડેલા જૈન શહીદોની વાત કરી હતી. અનેક જૈન રાજાઓની વીરતાના તેમણે દાખલા આપ્યાં હતાં. ત્રીજા રંગ રૂપે તેમણે વાણીજ્યની વાત કરતાં કમાણીનો પોતે ઓછામાં ઓછો ઉપયોગ કરવાની વાત સમજાવી હતી. જગડુશાની ૧૧૫ દાનશાળાની તેમણે યાદ અપાવી હતી. એમણે દાનશાળાઓ પર એટલું જ લખાવ્યું હતું, 'આ કણકણ ગરીબો માટે છે - જગડુશા.' સંપત્તિનો શ્રેષ્ઠ ઉપયોગ જૈન શ્રેષ્ઠીઓ પાસે શીખવા જેવો છે. ચોથા રંગ રૂપે તેમણે તેમણે વૈરાગ્યને વર્ણવ્યું હતું. સત્ય જાળવવા માટે સૌથી વધુ જરૂર સ્વાવલંબની છે. પાંચમો રંગ એટલે જ્ઞાન. તેમણે અનેક જ્ઞાનીઓની વાત કરી. ૧૪૪૪ ગ્રંથોની રચના હેમચંદ્રાચાર્યને યાદ કર્યા હતા. વાર્તાકાર ધૂમકેતુએ કહ્યું છે કે કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય વિના ગુજરાતી ભાષાની કલ્પના શક્ય નથી. મધ્યકાલીન સાહિત્યમાં નેવું ટકા સાહિત્યકારો જૈન હતાં. છઠ્ઠો રંગ જૈન ધર્મની વિશેષતા છે. જૈન ધર્મે જગતને ઘણું આપ્યું છે, લોકશાહીના પાઠ, મલ્લીનાથ સ્ત્રી હોવા છતાં તીર્થંકર બની શક્યાં. મહાવીરના સમયે ૧૪ હજાર સાધુઓ સામે ૩૬ હજાર સાધ્વીઓ હતી. એ સમય સ્ત્રીના સન્માનનો નહોતો, એવો એ જમાનો હતો. તેમણે સાતમાં રંગ રૂપે જૈન ધર્મની વ્યાપકતા વર્ણવી હતી.

આ તમામ વ્યાખ્યાન યુ-ટ્યુબ પર મુકાય છે. આ શ્રેણીમાં બુધવારે ત્રીજા દિવસે ડૉ. શૈલેષ મહેતા 'માનવજીવન: એક અદભુત પ્રયોગ' વિષે અને આચાર્ય નંદઘોષસુરીશ્વરજી 'આર્ટ ઓફ ઈટિંગ' વિષયે વ્યાખ્યાન આપશે.

સુરત એજ્યુકેશન સોસાયટી સંચાલિત શાળા કોલેજોની તિરંગા યાત્રા યોજવામાં આવી

સુરત, તા.૧૬

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે સુરત એજ્યુકેશન સોસાયટી સંચાલિત તમામ શાળા તથા કોલેજના વિધાર્થીઓ તથા શિક્ષકો દ્વારા શંભુભાઈ વી પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ, સુમુલ ડેરી રોડ, સુરત ખાતે તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ તથા શિક્ષકો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે યઝદી કરંજીયા, સુરત એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ કમલેશ પટેલ, મંત્રી નિતીન મહેતા, સહમંત્રી સનીલ પટેલ, નીતિન પટેલે હાજર રહી વિધાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં સુરત એજયુકેશન સોસાયટી ની શેઠ. સી.ડી.બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, શંભુભાઈ વી પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ, બ્રાઈટ લેન્ડ ઈંગ્લીશ સ્કુલ, મહિધરપુરા અર્બન ઈંગ્લીશ મીડીયમ હાઈસ્કુલ, એમ.જી.સીગાપુરી ગર્લ્સ હાઈસ્કુલ, સલાબતપુરા હાઈસ્કૂલના વિધાર્થીઓ તથા શિક્ષકો જોડાયા હતા.

જીંદગીથી કંટાળી યુવકે ફાંસો ખાધો

સુરત, તા.૧૬

સરથાણા જકાતનાકા ખાતે આવેલા ડી માર્ટ પાછળ આવેલી શાંતિનગર સોસાયટીમાં રહેતા કૌશિક પરસોત્તમ વાડદોરિયા મૂળ અમરેલી જિલ્લાના વતની હતા. કૌશિક વાડદોરિયા પત્ની સહિત પરિવાર સાથે રહેતો હતો. કોશિક વાડદોરિયાએ ગત.તા.૧૪ ઓગષ્ટના રોજ સવારે પોતાના ઘરે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. જેથી તેને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

CENTRUM Home Loans
Aao milkar ghar banaye

કોર્પોરેટ એન્ડ રજિસ્ટર્ડ ઓફિસ : યુનિટ નં.૮૦૧, સેન્ટ્રમ હાઉસ, સીએસટી રોડ, વિધાનગરી માર્ગ, કાલિના, સાન્તાક્રુઝ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૮,
CIN No. U65922MH2016PL273826

કબજા નોટીસ

(પરીશિષ્ટ ૪ ની સાથે વંચાણે લેતા સિકયુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૮(૧) મુજબ)

આથી નીચે સહી કરનાર **સેન્ટ્રમ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**ના અધિકૃત અધિકારીએ સિકયુરીટીઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (સરફાઈસી એકટ)ની સેકશન ૧૩ (૧૨) અને સિકયુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૩ અંતર્ગત પ્રાપ્ત અધિકારોનો ઉપયોગ કરી નીચે જણાવેલા દેવાદાર(રો)/જામીનદાર(રો)ને ડીમાન્ડ નોટીસ(સો) મોકલી નોટીસમાં જણાવ્યા મુજબની રકમની ચુકવણી નોટીસ મળ્યાની તારીખથી દિન ૬૦માં કરવા જણાવ્યું હતું.દેવાદારો બાકી લેણી રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા હોઈ આથી દેવાદાર(રો)/સહ દેવાદાર(રો)/જામીનદાર(રો)ને ખાસ તથા જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે નીચે સહી કરનારેનીચે જણાવેલી મિલકતનો વાસ્તવિક કબજો નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ તેમને એકટના ખંડ ૧૩ (૪) અને વંચાણે લેતા કથિત રૂલ્સના રૂલ ૮ હેઠળ મળેલા અધિકાર મુજબ લીધો છે.

ખાસ દેવાદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે સદર મિલકતો ઉપર સેન્ટ્રમ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના અધિકારો નીચે જણાવેલ બાકી લેણી રકમ તથા ત્યારબાદના ચડત વ્યાજ અને ખર્ચ તથા ચાર્જિસની રકમ સામે છે જેથી એનો કોઈ પણ રીતે સોદો કરી શકાશે નહીં. વધારાનું વ્યાજ, દંડનું વ્યાજ,ખર્ચ, કિંમત વગેરે નોટીસની તારીખથી ગણાશે.

આથી દેવાદારોનું ધ્યાન ખેંચવામાં આવે છે કે એકટ ના ખંડ ૧૩ ના પેટા ખંડ (૮) હેઠળ તેમને ગીરો મુકેલી મિલકત છોડાવવાનો સમય હજુ છે.

અ. નં.	દેવાદાર(રો) સહ દેવાદાર(રો) ના નામ લોન ખાતા નં. શાખા	ગીરો મુકેલ સ્થાવર મિલકતનું વર્ણન	ડીમાન્ડ નોટીસની તારીખ અને કુલ બાકી લેણી રકમ (રૂ.માં)	કબજાની તારીખ
1	**અજયભાઈ રસિયાભાઈ ભુરીયા/લક્ષ્મીબેન અજયભાઈ ભુરીયા/ BDQBH18001815/ વડોદરા**	પ્લોટ નં. એ-૩૫, અનુપમ નગર,નાના સાંજા, ઝગડીયા રોડ, ભરૂચ- ૩૯૩૧૧૦ **ચતુઃસીમાઃ પૂર્વે** : ૭.૫૦ મી.નો રોડ, **પશ્ચિમે** : ઘર નં.૧૦, **ઉત્તરે** : ઘર નં.૩૪, **દક્ષિણે** : ઘર નં.૩૬	12-05-2022 Rs. 8,74,127/- (રૂપિયા આઠ લાખ ચુમ્મોતેર હજાર એકસો સત્તાવીસ પુરા)	13-08-2022

સ્થળ : ગુજરાત
તા.૧૭.૦૮.૨૦૨૨

સહી/
અધિકૃત અધિકારી,
વતિ સેન્ટ્રમ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

ઈ-ઓકશન સેલ નોટીસ

એડેલ વેઈસ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડ

CIN: U67100MH2007PLC174759
રીટેલ સેન્ટ્રલ એન્ડ રજિ. ઓફિસ : એડેલ વેઈસ હાઉસ, સીએસટી રોડના નાકે, કાલિના, મુંબઈ - ૪૦૦૦૯૮

સિકયુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરિટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને સિકયુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)રૂલ્સ ૨૦૦૨(રૂલ્સ)ના રૂલ ૮(૬) અને ૯(૧)ને વંચાણે લીધા બાદ ગીરો મુકવામાં આવેલી સ્થાવર મિલકતોના ઈ - ઓકશન સેલ માટેની નોટીસ

આથી જણાવવાનું કે એસાઈનર/સલામત ધિરાણકર્તાએ ફાઈનાન્સિયલ એસેટસની જવાબદારી **એડેલ વેઈસ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડ**ને સોંપી હોવાથી અને તેઓ ઈએઆરસી-ટ્રસ્ટ-એસસી-૩૫૩ અને ઈએઆરસી ટ્રસ્ટ - એસસી-૩૫૩ અને ઈએઆરસી ટ્રસ્ટ - એસસી-૪૦૧ના ટ્રસ્ટી તરીકે કામ કરતા હોવાથી નીચે જણાવેલા દેવાદારોએ મેળવેલી આર્થિક લોનની સામે ગીરો મુકેલ મિલકતો અને બાકી લેણી રકમ વસુલ કરવાના અધિકારો પણ મેળવેલ છે. તેમની ગીરો મુકેલ મિલકતોનો વાસ્તવિક કબજો ઈએઆરસીના અધિકૃત અધિકારીએ સરફાયેસી એકટના ખંડ ૧૩(૪) અને લાગુ પડતા રૂલ હેઠળ લીધેલ છે .

આથી નીચે જણાવેલા દેવાદારોને અને જામીનદારોને ખાસ તથા જાહેર જનતાને ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે સલામત ધિરાણકર્તાએ તેમના અધિકૃતઅધિકારી મારફતે નીચે જણાવેલી સુરક્ષિત મિલકતોનો કબજો લીધો છે જેનું ' જેમ છે જયાં છે' અને ' જે છે' અને ' જે છે તે છે ' અને ' ગમે ત્યાં હોય' ના ધોરણે નીચે જણાવેલા દેવાદારો અને સહદેવાદારોના બાકી લેણાની વસુલાત માટે કરવામાં આવનાર છે.અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડીપોઝીટની જાણકારી નીચે મુજબ છે.

ઈ - ઓકશન માટે મુકાયેલ સલામત મિલકતની વિગતો :

<table>
<tr><th>અ. નં.</th><th>લોન ખાતા નંબર</th><th>દેવાદાર/સહ દેવાદારના નામ</th><th>ટ્રસ્ટનું નામ</th><th>બેંક અને શાખાનું નામ,ખાતા નં. અને આઈએફએસસી કોડ</th><th>તા.૧૨.૦૮.૨૦૨૨ ના રોજ કુલ બાકી રકમ (રૂ.)</th><th>અનામત કિંમત(રૂ.)</th><th>ઈએમડી(રૂ.)</th><th>ઈ-ઓકશનની તારીખ અને સમય</th><th>કબજાનો પ્રકાર</th></tr>
<tr><td>1</td><td>650014 062253/ INDUSIND BANK</td><td>મે. નોબેલ ઈમ્પેક્ષ (દેવાદાર) શ્રી મોહનલાલ એમ.જૈન (ગીરોદાર) અને શ્રી ઈન્દરમલ એમ.જૈન (ગીરોદાર અને જામીનદાર) અને શ્રી નરેન્દ્ર એમ.જૈન (જામીનદાર) અને શ્રીમતી મંજુલા એમ.જૈન (જામીનદાર)</td><td>EARC-TRUST-SC-353</td><td>આઈસીઆઈસીઆઈ બેંક લિ., નરિમાન પોઈન્ટ 000405123431; ICIC0000004</td><td>₹ 16,32,10,507.88/-</td><td>₹ 3,87,00,000/-</td><td>₹ 38,70,000/-</td><td>21-09-2022 &12.00 PM</td><td>વાસ્તવિક</td></tr>
<tr><td colspan="10">મિલકતનું વર્ણન : તમામ ખંડ અને અખંડ ભાગની સ્થાવર મિલકત બિનખેતી જમીન સ.નં. ૧૩/+૧૪૯ પૈકી ક્ષેત્રફળ અંદાજે હે.૧-૧૪-૫૨ એટલે કે ૧૧૪૫૨.૭૫ ચો.મી. મોજે ગામ ટીંભી ટીંભી ગ્રામપંચાયતની હદમાં,તા.ઉંબરગાંવ અને રજિસ્ટ્રેશન પેટા જિ.પારડી અને સબ રજિસ્ટ્રેશન વલસાડ,ગુજરાત જેની ચતુ:સીમા : ઉત્તરે : સ.નં.૧૩/+૧૪૯ પૈકીની જમીન, દક્ષિણે : સ. નં.૧૩/+૧૪૯ પૈકીની જમીન, પૂર્વે : સ.નં.૪૮ પૈકીની જમીન, પશ્ચિમે : આંતરીક રોડ</td></tr>
<tr><td>2</td><td>LSURSTH00000493 12/EDELWEISS HOUSING FINANCE LIMITED (EHFL)</td><td>૧.શ્રી રામેશ્વર રોશનસિંહ ૨. સરોજ રામેશ્વર</td><td>EARC-TRUST-SC-401</td><td>આઈસીઆઈસીઆઈ બેંક લિ., નરિમાન પોઈન્ટ 000405123774; ICIC0000004</td><td>₹ 18,94,966.61/-</td><td>₹ 11,00,000/-</td><td>₹ 1,10,000/-</td><td>21-09-2022 &11.00 AM</td><td>વાસ્તવિક</td></tr>
<tr><td colspan="10">મિલકતનું વર્ણન : તમામ ખંડ અને અખંડભાગની સ્થાવર મિલકત પ્લોટ નં. ૩૪૧, નક્ષત્ર રેસીડેન્સી,એસઆર પેટ્રોલ પંપની બાજુમાં મોજે ગામ જોલવા, તા.પલસાણા, જિ. સુરત ચતુ:સીમા: ઉત્તરે: પ્લોટ નં.૩૪૦, દક્ષિણે: પ્લોટ નં.૩૪૨, પૂર્વે : લાગુ બ્લોક નં. ૨૩૫, પશ્ચિમે: ૭.૫૦ મી.નો રોડ</td></tr>
</table>

ઓકશન પ્રક્રિયા વિશેની મહત્વની જાણકારી

1	બધા ડીમાન્ડ ડ્રાફટસ(ડીડી) ઉપર જણાવેલ ટ્રસ્ટના નામે મુંબઈ ખાતે ચુકવવાપાત્ર હોવા જોઈએ	
2	ઈએમડી જમા કરાવવાની છેલ્લી તારીખ	ઓકશનના એક દિવસ અગાઉ સુધી મળી જવી જોઈએ
3	બીડ રજુ કરવાનું સ્થળ	પહેલા માળે એડેલ વેઈસ હાઉસ,સીએસટી રોડના નાકે,કાલિના,મુંબઈ - ૪૦૦૦૯૮
4	ઓકશનનું સ્થળ (ઓકશન માટેની વેબસાઈટ)	ઈ- ઓકશન (https://auction.edelweissarc.in)
5	સંપર્ક વ્યકિત અને ફોન નં.	માયા પટેલ, મો.નં.૭૭૧૫૮૨૫૧૭૫ અને અજય કુમાર, મો.નં.૯૮૬૭૯૪૫૪૦૭
6	મિલકતનું નિરીક્ષણ કરવા માટેની તારીખ અને સમય	અગાઉથી મુલાકાતનો સમય નક્કી કર્યા મુજબ

વેચાણની શરતો અને નિયમો વિશે વધુ જાણકારી માટે ઈએઆરસીની વેબસાઈટ જુઓ :

સ્થળ : સુરત
તારીખ : ૧૨.૦૮.૨૦૨૨

સહી/ અધિકૃત અધિકારી
વતિ એડેલ વાઈસ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડ

Edelweiss | ASSET RECONSTRUCTION
Ideas create, values protect

OMKARA ASSETS RECONSTRUCTION Pvt. Ltd.

ઓમકારા એસેટસ રીકન્સ્ટ્રકશન પ્રા.લિ.

CIN:U67100TZ2014PTC020363
રજિ.ઓફિસઃ ૯, એમપી નગર, ફર્સ્ટ સ્ટ્રીટ, કોન્ગુનગર એકસટેન્શન, તિરૂપુર-૬૪૧૬૦૭
કોર્પોરેટ ઓફિસઃ સી/૫૧૫, કાનકિયા ઝિલીયોન, એલબીએસ રોડ અને સીએસટી રોડ જંકશન, બીકેસી એનેકસી, ઈકિવનોકસ નજીક કુર્લા (૫), મુંબઈ -૪૦૦૦૭૦
ટે.નં. : ૦૨૨-૨૬૫૪૪૦૦૦ મો.નં. ૮૫૯૧૪૩૯૫૩૩

પરીશિસ્ટ ૪-એ રૂલ ૮(૬) અને ૯(૧) મુજબ

સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ

સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ'' સિકયુરિટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ની સાથે સિકયુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮(૬) અને ૯(૧) મુજબ ઈ -ઓકશનથી સ્થાવર મિલકતના વેચાણ માટેની નોટીસ

આથી જનતાને તથા ખાસ દેવાદાર **ધીરૂભાઈ જે. ચોવટીયા અને સહદેવાદાર રાજેશભાઈ જે.ચોવટીયા, રશ્મીતા રાજેશભાઈ ચોવટીયા, ભાવનાબેન જયેશભાઈ ચોવટીયા,જયેશભાઈ જે.ચોવટીયા,દિવ્યેશભાઈ ડી.ચોવટીયા**ને જણાવવામાં આવે છે કે નીચેના વર્ણનવાળી સ્થાવર મિલકત સલામત ધિરાણ આપનારાઓ પાસે ગીરો મુકવામાં આવી હતી.તેનો કબજો ઓમકારા એસેટસ રીકન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમીટેડ (ઓએઆરપીએલ)ના અધિકૃત અધિકારીએ સલામત ધિરાણકર્તા તરીકે તા. ૧૧મી મે, ૨૦૨૨ના રોજ લીધો છે જેનું વેચાણ 'જયાં છે ત્યાં છે' જેમ છે તેમ છે' અને કોઈ વિકલ્પ નથીના ધોરણે **તા.૦૬/૦૯/૨૦૨૨ના રોજ બપોરે ૦૧.૦૦ થી ૦૩.૦૦ કલાકે (બીડ રજુ કરવાની છેલ્લી તારીખ ૦૫/૦૯/૨૦૨૨ના રોજ સાંજે ૦૪.૦૦ કલાક છે)** બાકી લેણી રકમ **રૂ. ૯૭,૩૧,૨૪૦/- (રૂપિયા સત્તાણુ લાખ એકત્રીસ હજાર બસો ચાલીસ પુરા)** તા. ૦૧.૦૬.૨૦૨૦ સુધીના વત્તા તા. ૦૨.૦૬.૨૦૨૦થી વ્યાજ તથા અન્ય ખર્ચની વસુલાત માટે થશે. જે સલામત ધિરાણકાર મે.ઓમકારા એસેટસ રીકન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમીટેડના ઉપર જણાવેલા દેવાદાર અને સહદેવાદાર પાસેથી લેણા છે.

ધી ઓમકારા એસેટસ રીકન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમીટેડ (જે ઓમકારા પીએસ ૨૨/૨૦૨૦-૨૧ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કામ કરે છે) એ ફુલરટોન ઈન્ડિયા ક્રેડીટ કંપની લિમીટેડ પાસેથી તેમના ઉપર જણાવેલ દેવાદારો/જામીનદારોની ગીરો મિલકતની તમામ બાકી લેણા વસુલવાના અધિકારો તા.૨૬/૦૨/૨૦૨૧ના રોજ કરેલા એસાઈન્મેન્ટ એગ્રીમેન્ટથી મેળવી લીધા છે.

સ્થાવર મિલકતોનું વર્ણન,અનામત કિંમત અને અર્નેસ્ટમની ડીપોઝીટ અને બોજો(જો હોય તો) ની જાણકારી નીચે મુજબ છે.

સ્થાવર મિલકતનું વર્ણનઃ

તમામ ખંડ અને અખંડ ભાગની મિલકત જમીન પ્લોટ નં.૧૯૪ (સુડા પ્લાન મુજબ પ્લોટ નં.૨૭૨) ક્ષેત્રફળ ૮૭.૮૨ ચો.મી. ની સાથે ૧૪ ચો.મી. કવિતા રો હાઉસ ભાગ-૧ ની રોડ અને સીઓપીની અવિભાજિત જમીનનો ભાગ, રે.સ.નં.૧૫૯/૨, ૧૫૯, ૧૬૧/૧, ૧૬૨ અને ૧૮૦ પૈકી અને બ્લોક નં. ૧૫૪, ૧૫૫, ૧૬૫ અને ૧૭૨ ,મોજે ગામ સરથાણા, તા.કામરેજ, જિ.સુરત ચતુ:સીમાઃ **ઉત્તરેઃ** પ્લોટ નં.૧૯૩, **દક્ષિણેઃ** લાગુ બ્લોક, **પૂર્વે :** લાગુ પ્લોટ, **પશ્ચિમેઃ** રોડ

અનામત કિંમત Rs. 65,00,000/- **ઈએમડી** Rs. 6,50,000/-
ઈ-ઓકશનની તારીખ : ૦૬/૦૯/૨૦૨૨ બપોરે ૦૧.૦૦ થી બપોરે ૦૩.૦૦ સુધી
બોલી વધારાની ઓછામાં ઓછી રકમ : રૂ.૫૦,૦૦૦/- (રૂપિયા પચાસ હજાર પુરા)
ભાગ લેવા માટેનો પત્ર/કેવાયસી દસ્તાવેજ/રહેઠાણનો પુરાવો અને ઈએમડી ભરી હોવાનો પુરાવો મોકલવાની છેલ્લી તારીખ : ૦૫.૦૯.૨૦૨૨ના રોજ સાંજે ૦૪.૦૦ કલાક સુધી
નિરીક્ષણની તારીખ : ૦૨/૦૯/૨૦૨૨ના રોજ બપોરે ૧૨.૦૦ થી બપોરે ૦૪.૦૦ દરમિયાન
જાણમાં હોય તેવો બોજો : જાણ નથી.

આ જાહેરાતને દેવાદારો/સહદેવાદારોએ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮(૬)મુજબની ૧૫દિવસ અગાઉની વૈધાનિક નોટીસ ગણવી.

વેચાણના વધુ નિયમો અને શરતો જાણવા માટે સલામત ધિરાણ કરનારની વેબસાઈટ http://omkaraarc.com/auction.php **બીડર આ વેબ સાઈટની પણ મુલાકાત લઈ શકશે** http://bankeauction.com **અથવા સર્વિસ પ્રોવાઈડર મે.સી વન ઈન્ડિયા પ્રા.લિ. ટેલીફોન હેલ્પલાઈન +૯૧-૭૨૯૧૯૮૧૧૨૪/૨૫/૨૬ હેલ્પ લાઈન ઈ મેલ આઈડી** support@bankeauctions.com **શ્રી હરેશ ગોવડા મો.નં.૯૫૯૪૫૯૭૫૫ ઈમેલ :** hareesh.gowda@c1india.com **અથવા અમારા અધિકૃત વ્યકિત : તાનાજી માંડવકરનો મો.નં. ૯૭૬૯૧૭૦૭૭૪/૮૫૯૧૪૩૯૫૩૩ ઉપર સંપર્ક કરવો**

સહી/
અધિકૃત અધિકારી ,
ઓમકારા એસેટસ રીકન્સ્ટ્રકશન પ્રા.લિ.

તા.૧૭-૦૮-૨૦૨૨
સ્થળઃ સુરત
(જે ઓમકારા પીએસ ૦૪/૨૦૨૦-૨૧ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કામ કરે છે.)

યૂको बैंक UCO BANK
(भारत सरकार का उपक्रम) (A Govt. of India Undertaking)

મુનસાડ શાખા, બસ સ્ટોપ પાસે, ગામ મુનસાડ,
વાયા ગણેશ સિસોદ્રા, નવસારી, ગુજરાત-396463.

કબજા નોટીસ [રૂલ 8(1) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ, 2002 હેઠળ]

આથી નીચે સહી કરનાર **યુકો બેંક, મુનસાડ શાખા, નવસારી**ના અધિકૃત અધિકારીશ્રીએ સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, 2002 (54 ઓફ 2002) તથા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 8 સહિત કલમ 13(12) અંતર્ગત મળેલ સત્તાની રૂએ **તા. 07-06-2022**ના રોજ **કરજદાર શ્રી સુનિલ ભીખુભાઈ પટેલ અને પ્રભાબેન ભીખુભાઈ પટેલ**ને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી. સદર નોટીસમાં પાઠવેલી રકમ **રૂા.13,77,615.52 (રૂપિયા તેર લાખ સીત્તોતેર હજાર છ સો પંદર રૂપિયા અને બાવન પૈસા પૂરા) તા. 29-05-2022ના રોજ (તા. 28-02-2022 સુધીના વ્યાજ સહિત) તથા તા. 28-02-2022 થી આગળનું વ્યાજ અને આકસ્મીક ખર્ચાઓ** સાથેની બાકી રકમ નોટીસ પ્રાપ્તીની તારીખથી 60 દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

કરજદાર/જામીનદાર સદરહુ રકમ પરત ચુકવવામાં નિષ્ફળ જતા કરજદાર અને જાહેર જનતાને આ સાથે નોટિસ આપવામાં આવે છે કે સહી કરનારે સદરહુ ઓર્ડીનેન્સ એક્ટની કલમ 13(4) અને સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ નિયમ 2002ના નિયમ 8 અને 9 સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહીં નીચે જણાવેલી મિલકતનો **સાંકેતિક કબજો તા. 12-08-2022ના દિને** સંભાળી લીધેલ છે.

કરજદાર અને જાહેર જનતાને આથી જાહેર ચેતવણી આપવામાં આવે છે કે, તેમણે સદરહુ મિલકત બાબતમાં કોઈ વ્યવહાર કરવો નહીં. **રૂા. 13,77,615.52 (રૂપિયા તેર લાખ સીત્તોતેર હજાર છ સો પંદર રૂપિયા અને બાવન પૈસા પૂરા) તા. 29-05-2022ના રોજ (તા. 28-02-2022 સુધીના વ્યાજ સહિત) તથા તા. 28-02-2022 થી આગળનું વ્યાજ અને આકસ્મીક ખર્ચાઓ** વસુલાતને પાત્ર રહેશે.

અહીં કરજદારનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે કે, જણાવેલ સમય મર્યાદામાં સેક્શન 13ના સબ સેક્શન (8) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

: સ્થાવર મિલકતનું વર્ણન :

તમામ ભાગ અને હિસ્સા સહિત જમીન અને રહેઠાણીય, આનંદ પાર્ક B, પ્લોટ નં. 141B, રેવન્યુ સર્વે નં. 165/પૈકી 3/પૈકી 76, મોજે કબિલપોર, અંદાજીત માપ 708.44 ચો.ફુટ, નવસારી, ગુજરાત. જે મિલકત શ્રી સુનિલ ભીખુભાઈ પટેલ અને પ્રભાબેન ભીખુભાઈ પટેલના નામે સ્થિત છે. જેનો રજીસ્ટર્ડ સેલ ડીડ નં. NSR 4913/2018 તા. 04-08-2018. જેની ચતુર્સિમા : ઉત્તર : આંતરિક રસ્તો, દક્ષિણ : ખાડી, પૂર્વ : પ્લોટ નં.141, પશ્ચિમ : પ્લોટ નં.142/A.

તા. 12-08-2022 | સ્થળ : મુનસાડ.
અધિકૃત અધિકારી, યુકો બેંક, મુનસાડ શાખા.

-:: ટાઇટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ ::-

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીકટઃ **સુરત**, સબ-ડિસ્ટ્રીકટ-તાલુકોઃ **ચોર્યાસી**, શહેર **સુરત**ના મોજે ગામઃ **મગોબ** ના **ટી.પી.નં.૩૪, એફ.પી.નં.૧૭** તથા **રે.સ.નં.૫૬** પૈકી વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ આશરે **૩૧૩૬૩ ચો.મી.** છે. જે જમીનમાં આવેલ **વિવેકાનંદનગર સોસાયટી** ના નામથી ઓળખાતી સોસાયટીમાં પાડવામાં આવેલ **''દિપમાલા એપાર્ટમેન્ટ''** તેમાં આવેલ ફલેટો પૈકી **ત્રીજા માળ** ઉપર આવેલ ફલેટો પૈકી **ફલેટ નંબર : એ/૩૦૨** વાળી સંપુર્ણ મિલકત **શ્રી મહેન્દ્રભાઈ હંસરાજભાઈ ડઢાણીયા**, રહે. બી-૨-૧૦૦૪, ઓમ રેજેન્સી, સણીયા હેમાદ, સુરતની માલીકી, પ્રત્યક્ષ કબજા ભોગવટા વાળી ચોખ્ખા ટાઇટલ અને માર્કેટેબલ વાળી હોવાનું જણાવી, અમારા અસીલને સદરહુ મિલકત વેચાણ આપવાનું નકકી કરેલ છે. અને અમારા અસીલ ટુંક સમયમાં તેનો કબજા સહિતનો વેચાણ કરાર કરનાર છે. પરંતુ ઉપરોકત **ફલેટ નંબર : એ/૩૦૨** વાળી મિલકતની કબજેદારની ખરીદનાર તરીકેની મુળ અસલ કબજા સહિતના વેચાણ કરારની ફાઇલ તેમના કબજામાંથી ગેરવલ્લે યાને ગુમ થયાનું તેઓ જણાવે છે. તે સંજોગોમાં મજકુર ગુમ થયેલ દસ્તાવેજી પુરાવા કોઈ પણ વ્યકિત, બેંકો કે નાણાંકીય સંસ્થાના કબજામાં હોય યા મજકુર મિલક્ત ઉપર કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હકક-હિસ્સો, હિત-સંબંધ, સહકારી મંડળી કે કોઇપણ વ્યક્તિનાં કોઇપણ જાતનાં કોઇપણ પ્રકારનાં બોજા, દર-દાવો-હકક-હિત, લાગ-ભાગ, યા ભરણ-પોષણ વગેરે બોજો બાકી લેણાં હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭** માં પુરાવા સહિત, અમોને રૂબરૂ મળી લેખિતમાં જાણ કરવી. મુદત વિત્યે કોઇના કોઇપણ પ્રકારના હકક નથી અને હોય તો જતો યાને **''વેવ''** કર્યો છે. તેમ માની અમારા અસીલ કબજા સહિતનો વેચાણ કરાર કરાવી લેશે અને પાછળથી કોઇનો કોઇપણ પ્રકારની તક-તકરાર દર-દાવો કે વાંધા-વિરોધ ચાલશે નહિ, જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

ઓફિસઃ ૨૦૬, રાજહંસ શોપીંગ,
બરોડા પ્રિસ્ટેઝ, વરાછા રોડ, સુરત.
મો. ૯૮૯૮૯૭૮૫૭૧

મારી મારફત
જીગ્નેશકુમાર મનજીભાઈ માંગુકિયા
(એડવોકેટ)

નામ બદલેલ છે

મારું જૂનું નામ **નરેશ કુમાર** હતું જે બદલીને નવું નામ **નરેશકુમાર કિસ્તુરારામ ચૌધરી** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.

લિ. નરેશકુમાર કિસ્તુરારામ ચૌધરી

સરનામુંઃ એ - ૨૦૨, રાજ વિક્ટોરિયા, અસ્તિક કૃપાની સામે, ગોડાદરા, સુરત સીટી, સુરત, ગુજરાત - ૩૯૫૦૧૦

CHANGE OF NAME

I, **KANJIBHAI OKHABHAI PATEL** holder of Indian Passport No:N4038360 issued at DUBAI on 05/01/2016 and Permanent Resident of KOLIWDA SANTALPUR PATAN GUJARAT 385340 and presently residing at EMIRATES HILLS VILLA NO E179 YASMI STREET 1 DUBAI UAE do hereby change my name from **KANJIBHAI OKHABHAI PATEL** to **KANJIBHAI OKHABHAI** (Given name) **CHAUDHARI** (SURNAME) with immediate effect

---

TATA

ટાટા કેપીટલ ફાઈનાન્સિયલ સર્વિસીઝ લિમિટેડ

રજિ.ઓફિસઃ ૧૧મા માળે, ટાવર - એ, પેનીસ્યુલા બિઝનેસ પાર્ક, ગણપતરાવ કદમ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ - ૪૦૦૦૧૩.

કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)

(સિકયુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૮(૧) મુજબ)

આથી નીચે સહી કરનાર ટાટા કેપીટલ ફાઈનાન્સિયલ સર્વિસીઝ લિમિટેડના અધિકૃત અધિકારીને સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ , ૨૦૦૨ (એકટ) સાથે વંચાણે લેતા સેકશન ૧૩ (૨)સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ,૨૦૦૨ (રૂલ્સ) ના રૂલ ૮ અને ૯ અંતર્ગત પ્રાપ્ત અધિકારો મુજબ નીચે જણાવેલી તારીખે જારી કરાયેલી વિગતવાર **ડિમાન્ડ નોટીસ** નીચે જણાવેલ દેવાદારોને મોકલવામાં આવી હતી જે મુજબ તેમણે નોટીસની તારીખથી ૬૦ દિવસમાં બાકી લેણી રકમ ચુકવી દેવાની હતી.

દેવાદાર એમ કરવામાં નિષ્ફળ નિવડયા હોઈ દેવાદારોને ખાસ તથા જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે નીચે જણાવેલી મિલકતનો કબજો નીચે સહી કરનારઅધિકૃતઅધિકારીએ તેમને એકટના ખંડ ૧૩ (૪) હેઠળ મળેલા અધિકાર અને કથિત રૂલ્સના રૂલ ૯ મુજબ લીધો છે.

ખાસ દેવાદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે સદર મિલકતો ઉપર **ટાટા કેપીટલ ફાઈનાન્સિયલ સર્વિસીઝ લિમિટેડ**ના અધિકારો નીચે જણાવેલ બાકી લેણી રકમ તથા ત્યારબાદના ચડત વ્યાજ અને ખર્ચ તથા ચાર્જિસની રકમ સામે છે જેથી એનો કોઈ પણ રીતે સોદો કરી શકાશે નહીં. વધારાનું વ્યાજ,દંડનું વ્યાજ,ખર્ચ,કિંમત વગેરે નોટીસની તારીખથી ગણાશે.

અ. નં.	લોન ખાતા નંબર	દેવાદાર (રો), કાનૂની વારસદાર (રો), કાનૂની પ્રતિનિધિ(ઓ) ના નામ	ડીમાન્ડ નોટીસ મુજબની રકમ	કબ્જાની તારીખ
1	TCFCE02690 00010392594, & TCFCE02690 00010386313, & TCFCE02690 00011187733	**૧) કુણાલ સ્ટ્રકચર(ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ** તેમના ડાયરેક્ટર અને અધિકૃત સહી કરનાર અરવિંદભાઈ દોમડીયા દ્વારા, **જેમનું સરનામું :** ૧૫મા માળે, બી-વિંગ, મોડેલ હાઈટસ, નોવોટેલ હોટેલની નજીક, એસ.જી. હાઈ વે, અમદાવાદ, ગુજરાત- ૩૮૦૦૧૫ **૨) શ્રી કુણાલ અરવિંદભાઈ દોમડીયા,** **૩) શ્રી અરવિંદભાઈ અમૃતલાલ દોમડીયા** **બંને નું સરનામુ :** ૮૦૨,પંચવટી ટાવર,ભકિતધામ બિલ્ડીંગની પાછળ,અતિથિ ચોક,રાજકોટ,ગુજરાત - ૩૬૦૦૦૨ **૪) ભાવનાબેન અજયભાઈ બોરડ** **સરનામું :** ૧૦૦૧ અ એ, પન્ના ટાવર,અજરામર ચોક,ન્યુ રાંદેર રોડ,નવયુગ કોલેજ,સુરત- ૩૯૫૦૦૯	**૧) રૂ. ૨,૨૨,૨૩,૪૯૮/- લોન ખાતા નં.** TCFCE0269000010392594 **ના બાકી** **૨) રૂ.૨,૯૧,૩૫,૫૨૮.૦૦ લોન ખાતા નં.** TCFCE0269000010386313 **ના બાકી** **૩) રૂ. ૨,૭૬,૨૩,૨૯૦.૦૦ લોન ખાતા નં.** TCFCE0269000011187733 **ના બાકી** **તા.૩૧મી મે,૨૦૨૨ ના રોજ બાકી ડીમાન્ડ નોટીસની તારીખ : ૨જી જુન,૨૦૨૨**	**૧૬મી ઓગસ્ટ, ૨૦૨૨**

પ્રથમ અધિકાર ધરાવતી મિલકત બ્લોક નં.૬૬૪, ક્ષેત્રફળ ૩૨,૨૭૪.૦૦ ચો.મી. મોજે ગામ વડોલી તા.ઓલપાડ, જિ.સુરત. મિલકતની માલિકી કુણાલ દોમડીયા અને ભાવનાબેન બોરડની છે.

તારીખ : ૧૭મી ઓગસ્ટ, ૨૦૨૨
સ્થળ : સુરત

અધિકૃત અધિકારી- (શ્રીહરંગદ સિંઘ ભોગલ)
ટાટા કેપીટલ ફાઈનાન્સિયલ સર્વિસીઝ લિમિટેડ
૫૦૧ થી ૫૦૪,રીગસ સેન્ટર,ન્યુ સીટી લાઈટ બીઆરટીએસ રોડ,સુરત-૩૯૫૦૦૭

RELIANCE
RELIANCE HOME FINANCE LIMITED

રીલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડ

બ્રાન્ચઓફિસ : રીલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડ,૩૦૭,પ્રોટોન પ્લસ,સ્ટાર બજારની પાછળ,એલ.પી.સવાણી રોડ,અડાજણ ગામ,સુરત - ૩૯૫૦૦૯
રજિસ્ટર્ડ ઓફિસ : રીલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડ,રૂબી ટાવર,૧૧મા માળે,નોર્થ વેસ્ટ વિંગ,પ્લોટ નં.૨૯,જે. કે.સાવંત માર્ગ,દાદર મુંબઈ -૪૦૦૦૨૮

હરાજી/વેચાણ નોટીસ

આથી નીચે સહી કરનાર રીલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડ (આરએચએફ)નાઅધિકૃતઅધિકારી તરફથી નીચે જણાવેલા દેવાદારોની મિલકત ખરીદનારાઓ પાસેથી ટેન્ડર/કોટેશન મંગાવવામાં આવે છે. સિકયુરિટાઈઝેશન ઓફ ફાઈનાન્શિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરિટી ઈન્ટરેસ્ટ એકટ,૨૦૦૨ની સાથે તથા સિકયુરીટી ઈન્ટરેસ્ટ(એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ મુજબ લેણું વસુલ કરવા માટે નીચે જણાવવામાં આવેલી વિગત મુજબની મિલકત(તો)' જયાં છે તે છે' અને ' જેમ છે તેમ છે' અને 'કોઈવિકલ્પનથી'નાધોરણેમિલકતનું વેચાણ કરવામાં આવશે.

દેવાદાર/ જામીનદારના નામ	**૧. ઉમેશ ગિરીજાશંકર તિવારી ૨. નિમા દેવી તિવારી ૩.વિજયકુમાર પાંડે**
૩૧મી જુલાઈ, ૨૦૨૨ના રોજ કુલ બાકી રૂ.	**રૂ.૧૯,૫૭,૮૧૪/- તા.૩૧મી જુલાઈ,૨૦૨૨ના રોજ**
મિલકતનું વર્ણન	તમામ ખંડ કે અખંડિત ભાગની બનેલી સ્થાવર મિલકત ફલેટ નં. ડી/૧૦૩, પહેલા માળે, (પ્લાન મુજબ એ-૨ બિલ્ડીંગ) ધીરજ રેસીડેન્સી, માનસરોવર નજીક, બોમ્બે માર્કેટ રોડ, ગોડાદરા, સુરત.

અનામત કિંમત	અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઇએમડી)	કોટેશન/બીડ બંધ કવરમાં મોકલવાની છેલ્લી તારીખ અને સ્થળ	હરાજી કોટેશન/બીડ ખોલવાની તારીખ અને સ્થળ	કોટેશન/બીડ ખોલવાનો સમય
Rs.9,50,000/-	Rs.95,000/-	**૩જી સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ સાંજે ૦૫.૦૦ કલાક સુધી રીલાયન્સ હોમ ફાઈનાન્સ લિ.,** ૩૦૭, પ્રોટોન પ્લસ, સ્ટાર બજારની પાછળ, એલ.પી. સવાણી રોડ, અડાજણ ગામ, સુરત -૩૯૫૦૦૯	**પાંચમી સપ્ટેમ્બર, ૨૦૨૨, રીલાયન્સ હોમ ફાઈનાન્સ લિ.,** ૩૦૭, પ્રોટોન પ્લસ,સ્ટાર બજારની પાછળ, એલ.પી.સવાણી રોડ, અડાજણ ગામ, સુરત -૩૯૫૦૦૯	11:30 A.M.

નોંધ : અધિકૃત અધિકારી તે અથવા તેણીની ત્રણ ઉંચી બોલી બોલનારા પૈકીની પસંદગી કરવાનો અધિકાર ધરાવે છે.

મિલકતના નિરીક્ષણની તારીખ	**બીડર/રસ ધરાવતા પક્ષો સ્થળ પર મિલકતની તપાસણી ૩૦મી ઓગસ્ટ,૨૦૨૨ના રોજ સવારે ૧૧.૩૦ થી સાંજે ૪.૦૦** દરમિયાન કરી શકશે. રસ ધરાવતા પક્ષો રીલાયન્સ હોમ ફાઈનાન્સ લિ.,૩૦૭,પ્રોટોન પ્લસ,સ્ટાર બજારની પાછળ,એલ.પી.સવાણી રોડ, અડાજણ ગામ, સુરત -૩૯૫૦૦૯ ખાતે સંબધિત અધિકારીઓ **પ્રશાંતસિંહ ચંપાવત (+ ૯૧૭૦૪૫૬૫૬૯૮૫)** નો સંપર્ક સાધી શકશે

નિયમો અને શરતોઃ

રસ ધરાવનારાઓએ તેમના બીડ/ટેન્ડર સિલબંધ કવર પર ' **કવોટેશન ફોર પરચેઝ ઓફ પ્રોપર્ટીઝ (ઉમેશ ગિરીજાશંકર તિવારી)** લખીને સાથે અર્નેસ્ટ મની ડીપોઝીટ **રીલાયન્સ હોમ ફાઈનાન્સ લિ.ના નામે સુરતમાં ચુકવી શકાય** એવા પે ઓર્ડર/ડીડીના રૂપમાં મોકલવાના રહેશે.

૧) ઈએમડી પર વ્યાજ આપવામાં નહીં આવે.સફળ પક્ષોને એ રકમ એડજેસ્ટ કરી આપવામાં આવશે.સમયસર બોલીની રકમ ચુકવવામાં નિષ્ફળ જનાર પક્ષની જમા કરાવેલી તમામ રકમ જપ્ત કરવામાં આવશે.
૨) અધુરા ભરેલા જેમ કે સહી વિનાના અથવા ઈએમડીના પીઓ કે ડીડી સાથે બિડેલ ન હોય તેવા ટેન્ડર/બીડ રદ ગણવામાં આવશે.
૩) ઉપરોકત જણાવેલ મિલકત અનામત કિંમત કરતા ઓછા ભાવે વેચવામાં નહીં આવે.
૪) સફળ બીડરે ઈએમડી સહિત ૨૫ ટકા રકમ ટેન્ડર સફળ થયાની જાહેરાત થતાની સાથેરીલાયન્સ હોમ ફાઈનાન્સ લિ.ના નામે સુરતમાં ચુકવી શકાય તેવા પે ઓર્ડર અથવા ડીડીથી જમા કરાવવાના રહેશે.બાકીની ૭૫ ટકા રકમ વેચાણને મંજુરી અપાયાની તારીખથી દિવસ ૧૫ માં ચુકવી દેવાની રહેશે. જો અધિકૃત અધિકારીએ મુદત લંબાવી આપી હોય તો તે લેખિતમાં રજુ કરવી પડશે. નિશ્ચિત સમયમાં જો પુરેપુરી ચુકવણી નહીં કરવામાં આવે તો તેણે જમા કરાવેલ તમામ રકા જપ્ત કરવામાં આવશે.મિલકતની ફરીથી હરાજી કરવામાં આવશે અને તેમાં એ બીડર ભાગ નહીં લઈ શકે.
૫) તમામ ચુકવણી **રીલાયન્સ હોમ ફાઈનાન્સ લિ.ના નામે સુરતમાં ચુકવી શકાય તેવા** પેઓર્ડર કે ડીડીથી કરવાની રહેશે.
૬) તમામ ખર્ચ,ફી તથા વેચાણ /કન્વેયન્સ,સ્ટેમ્પ ડયુટી,રજિસ્ટ્રેશન ફી,કરવેરા,અન્ય વેરાઓ જે ભરવા પાત્ર હોય તે સફળ બીડરે ભરવાના રહેશે.
૭) અધિકૃત અધિકારી મિલકત પર બોજો,દબાણ,મિલકત વેરો અથવા સરકારના કોઈ અન્ય લેણા અથવા ત્રાહિત પક્ષના દાવા માટે જવાબદાર રહેશે નહીં.
૮) અધિકૃત અધિકારી સૌથી ઉંચી બોલી બોલનાર બીડર સાથે વાટાઘાટ કરી શકશે અને ઓફર સુધારવા માટે વાતચીત કરી શકશે,તે કોઈ પણ ઓફર સ્વીકારવી કે નકારવી,હરાજી મુલતવી રાખવાના અધિકારો ધરાવે છે જે માટે કોઈ કારણ જણાવવા બંધાયેલ નથી
૯) વેચાણ આરએચએફના સમર્થનને આધિન છે.
૧૦) જો દેવાદાર હરાજી શરૂ થવા પહેલા તમામ લેણી રકમ ચુકવી દેશે તો ગીરો મુકેલી મિલકતની હરાજી અટકાવી દેવામાં આવશે.
૧૧) અધિકૃત અધિકારીની ઉત્તમ જાણકારી મુજબ વેચાણમાં મુકવામાં આવેલી મિલકત પર કોઈ લેણું કે ત્રાહિત દાવાઓ નથી.
૧૨) બીડ/ટેન્ડર બદલાવી શકાશે નહીં.
૧૩) વેચાણ માટેની નોટીસની આ જાહેરાત દેવાદારો અને જામીનદારોને અગાઉથી જાણ કરવા માટે ૧૫ દિવસ અગાઉ પ્રકાશિત કરવામાં આવી છે.જો ઉપર જણાવેલ બાકી લેણું હરાજીની તારીખ પહેલા પુરેપુરું ચુકવી ન આપે તો મિલકતનું વેચાણ કરવામાં આવશે.જો દેવાદાર પાસે મિલકતના વેચાણ માટેની કોઈ દરખાસ્ત હોય તો તે જણાવી શકે છે.ખાનગી કરારથી મિલકતના વેચાણ માટે તે કોટેશન રજુ કરી શકે છે.જે નીચે સહી કરનારને દિવસ ૭ મા કરવાની રહેશે.

સરફાયેસી એકટ ૨૦૦૨,અંતર્ગત ૧૫ દિવસ અગાઉની વૈધાનિક નોટીસ

દેવાદારો/જામીદારોને આથી નોટીસ આપીને જણાવવામાં આવ્યું હતું કે બીડની તારીખ પહેલા લેણી રકમ ચુકવી આપવી.તેમ કરવામાં નિષ્ફળ ગયે ગીરો મિલકતની હરાજી કરવામાં આવશે તે છતાં કોઈ રકમ બાકી રહેતી હશે તો વ્યાજ,ખર્ચ અને કિંમત સહિત તમારા પાસેથી વસુલ કરવામાં આવશે.

(અધિકૃત અધિકારી)
નામઃ વેંકટેશન મણીમરન સેનગુંધર
રીલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડ

સ્થળ : સુરત
તા. ૧૭મી ઓગસ્ટ, ૨૦૨૨

Printed by Manojbhai Laljibhai Mistry at GUARDIANPRESS B-17/2, Hojiwala Industrial Estate, Sachin-Palsana Road, Near Sachin, Surat on behalf of owners Manojbhai Laljibhai Mistry & Published by Manojbhai Laljibhai Mistry at Guardian House, Suman Desai ni Wadi, Udhna Darwaja, Ring Road, Surat-395002 on behalf of Owners Manojbhai Laljibhai Mistry Editor: Manojbhai Laljibhai Mistry.